મુખ્યમંત્રી ગૃહ યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ આરએવાય/૧૦૨૦૧૩/૧૩૧/થ

સચિવાલય,ગાંધીનગર.

તારીખ-૧૫/૦૧ /૨૦૧૪

સંદર્ભઃ-

(૧) આ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૩/૪૬/થ

(૨) આ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૩/૪૮/થ

(૩) આ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૩/૩૮૭/થ

(૪) ભારત સરકારની રાજીવ આવાસ યોજના (RAY) સંબંધિત યોજના માર્ગદર્શિકા સને ૨૦૧૩-૨૦૨૨.

આમુખઃ-

ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરોમાં ઉભા થયેલા સ્લમ ને દુર કરી તેમાં રહેતા લોકો ને પાયાગત સુવિધા પુર્ણ આવાસ પુરાં પાડવાના હેતુ થી કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ આવાસ યોજના RAY અમલીકૃત બનાવેલ છે. જેનો સમય ગાળો વર્ષ- ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીનો નંક્કી કરવામાં આવેલ છે. અને તેના અમલીકરણના તબક્કા ઉપર દર્શાવેલ સંદર્ભ-૪ અનુસાર જાહેર થયેલ છે. આ પહેલા રાજ્ય સરકાર દ્વારા શહેરી ગુજરાતને ઝૂંપડપટ્ટી મુકત બનાવવાનો સંકલ્પ કેન્દ્રમાં રાખી ગુજરાત સરકાર ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં આગામી પાંચ વર્ષ માટે મુખ્ય મંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ જાહેર કરવામાં આવી છે. તેમાં દર્શાવેલ નોર્મ્સ તેમજ સબસીડી મુજબ શહેરી સ્થાનિક સંસ્થાઓ, શહેરી વિકાસ સતા મંડળો તેમજ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ છે. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આપવામાં આવતી કુલ સહાય યથાવત રહે તે રીતે રાજીવ આવાસ યોજના સાથે સંકલન કરી વધુમાં વધુ લાભાર્થીઓને આવરી લેવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી, આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

રાજ્ય સરકાર દ્વારા શહેરી ગુજરાતને ઝૂંપડપટ્ટી મુકત બનાવવાનો સંકલ્પ કેન્દ્રમાં રાખી મુખ્ય મંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ

જાહેર કરવામાં આવી છે રાજ્ય સરકારની આ યોજના તથા કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ આવાસ યોજના RAY ૨૦૧૩-૨૦૨૨_અમલીકૃત બનાવેલ છે. મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત આપવામાં આવતી કુલ સહાય યથાવત રહે તે રીતે સંદર્ભનં.(૧)(૨)અને (૩) ઉલ્લેખિત ઠરાવોની જોગવાઇઓમાં નીચે મુજબ નો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | યોજના (RAY) (૧) | RAY અંર્તગત કેન્દ્ર સરકાર દ્વારા મહત્તમ સહાય (૨) | RAY સાથે સંકલન બાદ રાજ્ય સરકાર દ્વારા મહત્તમ સહાય (૩) |
|---|---|---|---|
| ૧ | ઝુંપડપટ્ટી પુનર્વસન | | |
| અ | પાંચ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો: કુલ મહત્તમ કિંમત- રૂ. ૫,૦૦,૦૦૦ | | |
| | મકાનની લઘુત્તમ કિંમત (કુલ મહત્તમ કિંમતના ૭૫% ) રૂા. ૩,૭૫,,૦૦૦ | રૂ. ૧,૮૭,૫૦૦ (૫૦%) | રૂ. ૧,૪૨,૫૦૦ (૩૮-૪૦ %) |
| | સુવિધાની મહત્તમ કિંમત (કુલ મહત્તમ કિંમતના ૨૫%) રૂા. ૧,૨૫,૦૦૦ : | રૂ. ૬૨,૫૦૦ (૫૦%) | અમદાવાદ, સુરત: રૂ. ૫૦,૦૦૦ (૪૦%) |
| | | | વડોદરા,રાજકોટ: રૂ.૫૬,૨૫૦ (૪૫%) |
| | | | અન્ય: રૂ. ૬૨,૫૦૦ (૫૦%) |
| બ | પાંચ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરો: કુલ મહત્તમ કિંમત રૂ. ૪,૦૦,૦૦૦ | | |
| | મકાનની લઘુત્તમ કિંમત રૂ. ૩,૦૦,૦૦૦) (કુલ મહત્તમ કિંમતના ૭૫%) | રૂ.૨,૨૫,૦૦૦ (૭૫%) | રૂ.૪૫,૦૦૦ (૧૩-૧૫%) |
| | સુવિધાની મહત્તમ કિંમત : રૂ.૧,૦૦,૦૦૦ (કુલ મહત્તમ | રૂ. ૭૫,૦૦૦ ૭૫% | રૂ.૨૫,૦૦૦ (૨૫%) |

| | | | |
|---|---|---|---|
| ૨ | EWS (ગ્રીન ફીલ્ડ) | જાહેર- ખાનગી બંન્ને યોજનાઓને રૂ ૭૫,૦૦૦ | ફક્ત જાહેર યોજનાઓ માટે રૂ ૧,૫૦,૦૦૦ |
| 3 | LIG | | |
| અ | LIG-I | રૂ ૭૫,૦૦૦ (શરતોને આધીન) જાહેર- ખાનગી બંન્ને યોજનાઓ માટે | જે કિસ્સાઓમાં ભારત સરકારની સબસીડી મળવા પાત્ર નથી તેમાં રૂ ૧,૦૦,૦૦૦ અન્યથા રૂ ૨૫,૦૦૦ |
| બ | LIG-II | NIL | ફક્ત જાહેર યોજનાઓ માટે રૂ ૧,૦૦,૦૦૦ |
| 4 | વ્યાજ સહાય | ૫ % (EWS અને LIG) (શરતોને આધીન ) જાહેર- ખાનગી બંન્ને યોજનાઓ માટે | રૂ ૧,૦૦,૦૦૦ ખાનગી LIG-II તેમજ EWS અને LIG-I (જે કિસ્સાઓમાં ભારત સરકારની સબસીડી મળવા પાત્ર નથી.) |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭/૧૨/૨૦૧૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ.કે.શર્મા)

ઉપ સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

<u>નકલ રવાના:</u>

- પરમ સમ્માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ (તમામ) , સચિવાલય, ગાંધીનગર.(૨૫)
- અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.), ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી(શ.વિ.) ના રહસ્ય સચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર
- સચિવશ્રી(હાઉસીંગ અને નિર્મળ ગુજરાત)ના રહસ્ય સચિવશ્રી શ.વિ. અને શ.ગૃ.નિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ (તમામ)
- નિયામકશ્રી,નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર. (તમામ નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- જિલ્લા કલેક્ટરશ્રી (તમામ) (૩૩)
- પ્રોજેક્ટ સ્પેશિયાલીસ્ટશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ મિશન, જી.એમ.એફ.બી.બીલ્ડીંગ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ (સર્વે) (૨૪)
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વિસ્તાર વિકાસ સત્તામંડળ (સર્વે)
- સીલેકટ ફાઇલ
- અંગત ફાઇલ

રાજીવ આવાસ યોજના (RAY) અંતર્ગત યોજના
માર્ગદર્શિકા ૨૦૧૩-૨૦૨૨ માટેની નીતિનો રાજ્ય
કક્ષાએ અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આરએવાય/૧૦૨૦૧૩/૧૩૧/થ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૧૫/૦૧/૨૦૧૪

સંદર્ભઃ-

(૧) આ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૪૬/થ
(૨) આ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૪૮/થ
(૩) આ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૩૮૭/થ
(૪) આ વિભાગના તા.૩૦/૦૮/૨૦૧૩ના નોટીફીકેશન નં. GH/170/2013/PRC/10-2013/783(1)/TH
(૫) આ વિભાગના તા.૨૪/૦૯/૨૦૧૩ના નોટીફીકેશન નં. GH/170/2013/PRC/10-2013/783/TH
(૬) ભારત સરકારની રાજીવ આવાસ યોજના (RAY) સંબંધિત યોજના માર્ગદર્શિકા સને ૨૦૧૩-૨૦૨૨.

આમુખ:-

ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરોમાં ઉભા થયેલા સ્લમ ને દુર કરી તેમાં રહેતા લોકો ને મુખ્યત્વે તે જ સ્થળે પાયાગત સુવિધા પુર્ણ આવાસ પુરાં પાડવાના હેતુ થી કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ આવાસ યોજના RAY અમલીકૃત બનાવેલ છે. જેનો સમય ગાળો વર્ષ- ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીનો નંક્કી કરવામાં આવેલ છે. અને તેના અમલીકરણના તબક્કા ઉપર દર્શાવેલ સંદર્ભ-૬ અનુસાર જાહેર થયેલ છે. આ પહેલા રાજ્ય સરકાર દ્વારા શહેરી ગુજરાતને ઝૂંપડપટ્ટી મુકત બનાવવાનો સંકલ્પ કેન્દ્રમાં રાખી ગુજરાત સરકાર ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં આગામી પાંચ વર્ષ માટે મુખ્ય મંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ જાહેર કરવામાં આવી છે. જેમા (૧) આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) આવાસ યોજના (૨) ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG)

આવાસ યોજના (૩) EWS તથા LIG આવાસો માટે વ્યાજ સબસીડી યોજનાઓ અમલીકૃત બનાવેલ છે. તેમાં દર્શાવેલ નોર્મ્સ તેમજ સબસીડી મુજબ શહેરી સ્થાનિક સંસ્થાઓ, શહેરીવિકાસ સતા મંડળો તેમજ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ છે. મુખ્ય મંત્રી ગૃહ યોજનાને રાજીવ આવાસ યોજના સાથે સંકલન કરી રાજીવઆવાસ યોજના-૨૦૧૩-૨૦૨૨નો સૈધ્ધાંતિક સ્વીકાર તેમજ તેનો અમલ કરવાની બાબત સરકારશ્રી સક્રિય વિચારણા હેઠળ હતી, આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

મુખ્ય મંત્રી ગૃહ યોજનાનું રાજીવ આવાસ યોજના સાથે સંકલન કરી રાજીવઆવાસ યોજના-૨૦૧૩-૨૦૨૨નો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર સાથે રાજ્ય સરકાર દ્વારા સમજૂતી કરાર કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા શહેરી સ્થાનિક સંસ્થા સાથે મરજીયાત અને ફરજીયાત સુધારા બાબતે સમજૂતી કરાર કરવામાં આવશે. ગુજરાત રાજ્યના તમામ શહેરોને તેમજ અર્બન ઓથોરીટીને રાજીવઆવાસ યોજના અંતર્ગત આવરી લેવામાં આવશે.

ગુજરાત સ્લમ રીહેબીલેશન પોલીસી ૨૦૧૩ અંતર્ગત જે પ્રીસ્કાઇબ્ડ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે. તેના ઓફિસિયલ સભ્યોની સમિતિ રાજીવઆવાસ યોજના અંતર્ગત શહેરો તેમજ રાજ્ય કક્ષાની જરૂરી મંજૂરીઓ આપશે.

એફોર્ડેબલ હાઉસીંગ મીશન State Level Nodal Agency (SLNA) તરીકે કામગીરી કરશે..

શહેરી સ્થાનિક સંસ્થાનો(ULB) ફાળો માન.સંસદ સભ્યશ્રી/માન.ધારા સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી પણ આપી શકાશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ.કે.શર્મા)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

નકલ રવાનાઃ

- પરમ સમ્માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી(શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ (તમામ) , સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.), ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(શ.વિ.) ના રહસ્ય સચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર
- સચિવશ્રી(હાઉસીંગ અને નિર્મળ ગુજરાત)ના રહસ્ય સચિવશ્રી શ.વિ. અને શ.ગૃ.નિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ (તમામ)
- નિયામકશ્રી,નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર. (તમામ નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- જિલ્લા કલેક્ટરશ્રી (તમામ)
- પ્રોજેક્ટ સ્પેશિયાલીસ્ટ્શ્રી, એફોર્ડેબલ હાઉસીંગ મિશન, જી.એમ.એફ.બી.બીલ્ડીંગ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ (સર્વે)
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વિસ્તાર વિકાસ સત્તામંડળ (સર્વે)
- સીલેકટ ફાઇલ
- અંગત ફાઇલ